R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 22•ISSUE: 44 DATE: 03-11-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## અમેરિકાની વિદેશી વિદ્યાર્થીઓને અસર કરતી ઇમીગ્રેશન નીતિને અમેરિકી કોલેજોનો કોર્ટમાં પડકાર

સૌથી વધુ વિદેશી વિદ્યાર્થીઓ ધરાવતી યુનીવરસીટીમાંની એક એવી અમેરિકાના ન્યુયોર્ક સ્થિત ખાનગી રિસર્ચ યુની. ધ ન્યુ સ્કુલ સહિત એક શૈક્ષણિક સંસ્થાઓના જુથે વિદેશી વિદ્યાર્થીઓને અસર કરે એવી ટ્રમ્પ પ્રશાસને હાલમાં બદલેલી નીતિની વિરુધ્ધ અદાલતમાં કેસ કર્યો છે.નવી નીતિથી વિદ્યાર્થીઓ માટે ૩ થી ૧૦ વર્ષ સુધી અમેરિકામાં પ્રવેશ પ્રતિબંધ થઇ શકે.

ટ્રમ્પ પ્રશાસને હાલમાં દાખલ કરેલી નવી નીતિ હેઠળ વિદેશી વિદ્યાર્થીઓના કોઇ પણ વાંક વિના તેમને ૩ થી ૧૦ વર્ષ સુધી અમેરિકામાં પ્રવેશતા અટકાવી શકાય છે. યુ.એસ. સીટીઝનશીપ એન્ડ ઈમીગ્રેશન સર્વીસીસ દ્વારા જાહેર થયેલા આ ફેરફાર ગઈ ૯ ઓગષ્ટથી લાગુ કરાયા છે.તેનો અર્થ એ છ કે એ દિવસથી જ વિદેશી વિદ્યાર્થીઓ અમેરિકામાં ગેરકાયદે હાજર ગણાય.આ વિદ્યાર્થીઓ જે દિવસે વિદ્યાર્થી તરીકેનો દરજ્જો ગુમાવે, ભલેને તેઓ અમેરિકામાં રોકાઇ શકે એ સમય મર્યાદા બાકી કેમ ન હોય.

અગાઉની નીતિનો સંદર્ભ ટાંકીને અમેરિકાની ડિસ્ટ્રીક કોર્ટમાં દાખલ કરાયેલા કેસમાં જણાવાયું છે કે તેમનો આ કેસ દાખલ કરવાનો હેતુ શો છે.

પાછલી તારીખ લાગુ કરાયેલી આ નવી નીતિથી હજારો એફ જે અને એમ વિઝા ધરાવનારાઓ ઉપર ૩ થી ૧૦ વર્ષ સુધીના પુનઃ પ્રતિબંધિત થઈ શકે છે એવું અદાલતમાં દાખલ કરાયેલા કેસમાં જણાવાયું છે. પીટીશનમાં એવું પણ જણાવાયું છે આ નવી નીતિથી અમેરિકાની શૈક્ષણિક સંસ્થાઓને લાખો ડોલરનું નુકશાન જાય એમ છે.

## અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પ્રજાસત્તાક દિને ભારતના મહેમાન થવાનું આમંત્રણ ઠુકારવી દીધું



અમેરીકી પ્રમુખ ડોનાલ્ડ્ ટ્રમ્પે ૨૦૧૯ની ગણતંત્ર દિવસની પરેડમાં ભારતના મહેમાન બનવાનું ભારત સરકારનું આમંત્રણ નકારી દીધું છે. અમેરિકી સરકારના સુત્રોના જણાવ્યા મુજબ આ અંગેનો સંદેશો ભારતના રાષ્ટ્રીય સલાહકાર અજિત ડોભાલને પત્ર લખીને પાઠવી દીધો છે.મોદી સરકારે અમેરીકી પ્રમુખને ભારતના ૭૦માં પ્રજાસત્તાક દિને યોજાનારી પરડેમાં મુખ્ય અતિથિ તરીકે હાજર રહેવા નિમંત્રણ પાઠવ્યું હતું.અમેરીકી સત્તાવાળાઓએ નિમંત્રણ મળ્યાને સમર્થન આપ્યું હતું.

ભારતે અમેરિકાના પ્રતિબંધો છતાં રશિયા પાસેથી એસ-૪૦૦ મિસાઈલ સિસ્ટમ અને ઈરાન પાસેથી ક્રુડની ખરીદી કરવાનું જારી રાખતાં અમેરિકા અને ભારત વચ્ચેના સબંધોમાં તણાવ વર્તાઈ રહ્યો છે.અમેરિકાના કાત્સા કાયદા અંતગર્ત સંરક્ષણ શસ્ત્ર સરંજામ અંગેની ખરીદીમાં પ્રતિબંધ છે.અમેરિકાની ચેતવણી છતાં ભારતે તેની અવગણના કરી છે.ઈરાન પાસેથી ક્રુડ ખરીદનારા પર પ્રતિબંધ લદાશે અને તેમણે તેની તૈયારી રાખવાની જો કે ભારતે તેની અવગણના કરી છે. જો કે એવા અનેક કારણો ને લીધે અમેરિકા નારાજ છે અને પરિણામ એના કારણે નિમત્રણ ઠુકરાવ્યાનું હોઈ શકે એવી ધારણાઓ બાંધી શકાય પરંતુ આ અગે કોઈ અંતિમ નિર્ણય લઈ શકાય નહીં.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ કેટલાક એવા નિર્ણયો લેતા અચકાતા નથી કે જે કારણે વિરોધ વંટોળ ઉભા થાય.જો કે ભારતે પોતાની ચાણક્ય નીતિ અનુસાર ૨૦૧૯ની ચુંટણીઓને લક્ષમાં રાખીને આવા કેટલાક પ્રસંગો ઉભા કરીને મતબેન્ક ઉભી કરવાનો પ્રયાસ કરશે.

## અમેરિકાની મેક્સીકોની સરહદ પર હજારો લોકો અમેરિકામાં ઘુસવા માટે કુચ કરીને એકઠા થયા છે



અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ છેલ્લા ઘણા વખતથી શરણાર્થીઓ માટે અમેરિકાના દરવાજા બંધ કરવાના ગાણા ગાઈ રહ્યા છે.તેમાં પણ મેકસિકોમાંથી આવતા લોકો સામે તેમને વધારે વાંધો છે.અમેરિકન પ્રમુખનો શરણાર્થીઓ પ્રત્યેનો દષ્ટિકોણ બદલાયો નથી.તેમણે મેકસિકોથી લાગેલી દક્ષિણ બાજુની સીમા તરફ આગળ વધી રહેલા લોકોને સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ હતું કે તેઓ તેમના દેશમાં પાછા જાય અને લાખો અન્ય લોકોની જેમ અમેરિકી નાગરિકતા માટે અરજી કરે.બીજી તરફ હજારો લોકોનું જુથ ટ્રમ્પનું આ સુચન કે ચેતવણીને અવગણીને મેકસિકોના રસ્તે અમેરિકામાં પ્રવેશમાં માટે આગળ કુચ કરી રહ્યું છે.તેમને માત્ર શરણ મળે તે માટે મહેનત ચાલી રહી છે. એમાં મોટાભાગના લોકો લેટિન અમેરિકી દેશો અલ-સાલ્વાડોર,હોડરુસ,ગ્વાટેમાલા અને અન્ય દેશોના છે.

આ કાફલામાં સામેલ લોકો માટે ટ્રમ્પનો સીધો સંદેશ એવા સમયે આવ્યો છે જ્યારે તેમણે કેટલાક સમય પહેલાં કહ્યુ હતું કે તે લોકોને અમેરિકામાં ગેરકાયદે રીતે પ્રવેશ કરતાં રોકવા માટે મેકસિકોની દક્ષિણી સીમા પર સૈન્ય તહેનાત કરી રહ્યા છે.આ સાથે તેમણે આ સ્થિતિને રાષ્ટ્રીય કટોકટી ગણાવી હતી.

ટ્રમ્પે એક ટ્વિટમાં કહ્યુ હતું કે કાફલાના લોકોને કહેવા ઈચ્છું છું કે અમે લોકોને અમેરિકામાં ગેરકાયદેસર રહેવા માટેની અનુમતી આપી રહ્યા નથી.પાછા તમારા દેશ જાઓ અને તમે જો આવવા જ ઈચ્છતા હો તો લાખો અન્ય લોકોની જેમ નાગરિકતા માટે અરજી કરો.કેટલાક મીડીયાના અહેવાલો મુજબ શરણાર્થીઓના જુથમાં ઘણા બધા બાંગલાદેશ અને દક્ષિણ એશિયાના લોકો પણ સામેલ છે.આ વર્ષે આવું બીજી વાર થયું છે.જ્યારે શરણાર્થીઓ એક કાફલો બનાવીને કુચ કરી રહ્યા હોય.

પાચ જેટલા ખ્રિસ્તી નેતાઓએ શરણાર્થીઓની તરફેણ કરી છે અને માનવતાના ધોરણે અપીલ કરી છે.



હજારોની સંખ્યામાં લેટિન અમેરિકન હિજરતીઓ સેન્ટ્રલ અમેરિકામાંથી યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં જવા માટે કુચ કરી રહ્યા છે તેની તસવીર

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**
૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

ગરવી નવક્રાંતિ

દેશની કથળેલી નાણાંકીય સ્થિતિમાં દોષનો ટોપલો અન્યો પર ઢોળી દેવાનો કીમીયો હસ્તગત કેટલાક વિશેષ વ્યક્તિઓ પાસે હોય છે.આરબીઆઈની ઉપર અને નાણાં ખાતા ઉપર સુબ્રમણ્યમ સ્વામીએ કંઇક વાર ધારદાર નિવેદનો કરીને નાણાંમંત્રીની ઉણપો છતી કરવાનો પ્રયત્ન કર્યો છે.પરિણામે આરબીઆઈના ભુતપુર્વ ગર્વનર રાજનને હોદ્દો છોડીને પરત જવું પડ્યું.

હાલમાં આરબીઆઇ અને સરકાર વચ્ચે ગજગ્રાહ ચાલી રહ્યો છે અને તેમાં નાણાંમંત્રીએ બેન્કોની નિષ્ફળતા અને એનપીએ વધતાં આર્થિક કટોકટી ઉભી થઇ છે તેના માટે રીઝર્વ બેન્કને કઠેડામાં ઊભી કરી દીધી છે.તેમણે રીઝર્વ બેન્ક ઉપર આરોપ મુકતા કહ્યુ હતું કે વૈશ્વિક આર્થિક મંદી પછી ૨૦૦૮ થી ૨૦૧૪ દરમિયાન અર્થતંત્રને વેગ આપવા માટે બેન્કોની તિજોરીઓ ખોલી બેફામ ધિરાણ કરાયું હતું.ત્યારે આરબીઆઇએ આંખ આડા કાન કર્યા હતા.જો કે તેમણે ૨૦૧૪થી ૨૦૧૮ સુધીના સમય દરમિયાન જે થયું તેનો ચિતાર આપ્યો નથી.તત્કાલીક સરકારે શું કર્યું તેનો ચિતાર આપવા કરતાં હાલમાં સરકારના આદેશથી શું થયું તેનો ચિતાર આપવો જોઇએ કારણકે હાલમાં દેશનું જે અર્થતંત્ર નબળું પડ્યું છે તેનો જશ નાણાંમંત્રીને શીરે છે.આરબીઆઈની સ્વાયતતા માટે ડેપ્યુટી ગર્વનર આચાર્યે સવાલો ઉઠાવ્યા છે.રોજબરોજ સરકારની દખલગીરી વ્યાપક પ્રમાણમાં થઇ રહી છે.રિઝર્વ બેન્કના કર્મચારીઓએ પમ આરબીઆઈની સ્વાયત્તતા માટે તેમજ સ્વતંત્રતા આપવા માટે તરફેણ કરી છે.સરકાર નારાજ થઇ શકે છે કારણકે સરકારની મનશાં ફળીનથી. વિદેશી રોકાણકારોનો વિસ્વાસ વધ્યો નથી.રોકાણો આવતાં નથી.ફુગાવો વધી રહ્યો છે.આરબીઆઇએ ઓઇલ કંપનીઓને ડોલર આપવાની મનાઇ કરતાં સરકારને વિદેશમાંથી ધિરાણ લેવાની મજુરી આપવી પડી છે.આવું બધું બની રહ્યું છે તેની પાછળ એવું મનાય રહ્યું છે કે આરબીઆઇ સરકારમાંથી વિશ્વાસ ગુમાવી રહી છે.ઓલ ઇન્ડીયા રિઝર્વ બેન્ક કર્મચારી યુનીયને જણાવ્યુ હતું કે બેન્કોને નબળી પાડવાનો પ્રયાસ થઇ રહ્યોછે જે કોઇપણ રીતે સાંખી લેવાશે નહીં. આ શું સુચવે છે.?

## મંતવ્ય

સુપ્રીમ કોર્ટે રામ જન્મભુમિ વિવાદમાં જાન્યુઆરીમાં સુનાવણી રાખવાની મુદત આપીને દેશમાં થનારી વિધાનસભાની ચુંટણીઓમાં મંદિરના મુદ્દાને મહત્વ નહી મળે તેવું હાલ પુરતુ નક્કી કર્યુ.રામ જન્મભુમિ ના કેસમાં મુળ વિવાદ જમીનને લગતો છે.તેથી સીવીલ કેસની સુનાવણી એટલી ઝડપથી ચલાવવાની કોઇ જરુર નથી.આવા સુપ્રીમ કોર્ટના અભિગમને લઇને લોકસભાની ચુંટણીઓ પણ એકદમ સામાન્ય સંજોગોમાં અને ન્યાયી તથા નિષ્પક્ષ યોજી શકાશે.સુપ્રીમ કોર્ટે કોઇની પણ શેહ શરમમાં આવ્યા વગર પોતાનો મત જાહેર કર્યો છે.ભાજપ,સાધુ સંતો,વિહપ,સંઘ વિગેરેને આ બાબત ગમી નથી તેથી તેઓ સરકાર પર વટહુકમ બહાર પાડવા દબાણ વધારી રહ્યા છે.હવે શું થાય છે તે જોવાનું રહેશે

સુરેશ એસ.ત્યાગી


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# બેરીયમ સોલ્ટના પ્રતિબંધથી ૯૦ ટકા ફટાકડાનું ઉત્પાદન બંધ થઇ જશે

સુપ્રીમ કોર્ટે ફટાકડામાં બેરિયમ સોલ્ટ અથવા તો બેરીયમ નાઇટ્રેટ પર પ્રતિબંધ મુક્યો છે તેના કારણે અત્યાર સુધી બજારમાં મળતા ફટાકડામાંથી ૯૦ ટકા ફટાકડાનું ઉત્પાદન બંધ થઇ જશે તેમ ફટાકડાના ઉત્પાદકોનું કહેવું છે. હવે પછી બજારમાં હજાર,પાંચહજાર કે દસહજાર ટેટાની લુમ મળતી હતી તે બંધ થઇ જશે.

નિષ્ણાંતોના મતે એલ્યુમિનિયમ સાથે બેરિયમ સોલ્ટનો ઉપયોગ કરાય ચે તો તેના કારણે ફટાકડામાંથી સફેદ પ્રકાશ નિકળે છે અને તણખા ઝરે છે તે આ કેમિકલને કારણે થાય છે.બાળકોને સૌથી વધુ મઝા આવે છે તેવા કોઠી,તારામંડળ, પેન્સીલ વગેરેમાં આ બેરીયમ નાઇટ્રેટનો ઉપયોગ થાય છે.આથી સુપ્રીમના આદેશનું અક્ષરશઃ પાલન કરવામાં આવે તો તણખા ઝરતાં હોય તેવા ફટાકડા બજારમાં મળવાના બંધ થઇ જશે.

સુપ્રીમ કોર્ટે દિવાળીના તહેવારમાં અતિશય અવાજ,પ્રકાશ અને ધુમાડો ફેલાવતાં ફટાકડા પર પ્રતિબંધ લાદ્યો છે.હાલમાં જે ફટાકડા બને છે તે પૈકી ૯૦ ટકા ફટાકડામાં પ્રતિબંધિત બેરીયમ સોલ્ટનો ઉપયોગ થાય છે.ફટાકડા ઉત્પાદકોના મતે ગ્રીન ફટાકડા વર્તમાન સમયમાં હજુ માત્ર વિચારના તબક્કે જ છે. માત્ર સરકાર અને ઉત્પાદકોએ તેના ઉત્પાદન માટે નક્કર પગલાં ભરવાની જરુર છે.સુપ્રીમ કોર્ટે ફટાકડામાં વપરાતા બેરિયમ સોલ્ટ કે બેરિયમ નાઇટ્રેટ તરીકે ઓળખાતા કેમિકલ પર પ્રતિબંધ મુક્યો છે.આ કેમિકલના ઉપયોગથી બનતા અને સફેદ પ્રકાશ ફેલાવતા ફટાકડા પર સંપુર્ણ પ્રતિબંધ મુક્યો છે.બેરિયમ નાઇટ્રેટ એ એલ્યુમિનિયમના સંયોજનથી બનતું કેમિકલ છે.આ કેમિકલના ઉપયોગથી જ ફટાકડો સળગ્યા બાદ સફેદ પ્રકાશ ફેલાવે છે. અને તણખા ઝરે છે.ફુલઝર,ફુવારોઅનાર પેન્સીલ વગેરે જેવા ફટાકડા આ કેમીકલ વગર બનવા શક્ય જ નથી તેવું શિવકાશીના ઉત્પાદકો કહે છે.૯૦ ટકા ફટાકડા ઉત્પાદનમાં આ કેમિકલનો ઉપયોગ થાય છે.લવિંગિયાની લુમ અથવા સેર ફટાકડા લંબાઇમાં મોટા હોવાને કારણે મોટા પ્રમાણમાં પ્રદુષિત ગેસ છોડે છે.

# સીબીઆઇની ગરિમા જાળવવા માટે ડિરેક્ટરોને રજા પર ઉતારાયા છે : તમામ આરોપોની તપાસ સ્વતંત્ર સીટ કરશેઃ નાણાંમંત્રી જેટલી



સીબીઆઇના ડિરેક્ટર આલોક વર્મા અને સ્પેશીયલ ડિરેક્ટર રાકેશ અસ્થાનાને રજા પર ઉતારી દેવાના સરકારના નિર્ણયને ઉચિત ગણાવતાં કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીએ જણાવ્યુ હતું કે સરકારે દેશની ટોચની તપાસ એજન્સીની ગરીમા જાળવવા માટે આ પગલું લીધું છે.જેટલીએ જણાવ્યુ હતું કે દેશની પ્રીમીયર ઇન્વેસ્ટીગેશન એજન્સીની ગરીમા જળવવા અને નિષ્પક્ષ તપાસ હાથ ધરાય તે માટે ભ્રષ્ટાચારના આરોપોમાં ઘેરાયેલા સીબીઆઇના બે ટોચના અધિકારીઓ સામેની નિષ્પક્ષ તપાસ પુરી ના થાય ત્યાં સુધી તેમને રજા પર ઉતારી દેવા જરુરી હતી.નિષ્પક્ષ તપાસ પુરી થયા બાદ નિર્દોષ અધિકારી સીબીઆઇમાં પરત ફરશે. એક સ્વતંત્ર એસઆઇટી આ મામલાની તપાસ કરશે.તપાસ એજન્સીની ગરિમા જળવાઇ રહે તે અમારી પ્રાથમિકતા છે.

# રાફેલ પર સવાલ ઉઠાવનારા સીબીઆઇ ડાયરેક્ટરને રાતોરાત દુર કરાયા : દેશ અને બંધારણ ખતરામાં છે - રાહુલ ગાંધી

રાજસ્થાનમાં જનસભાને સંબોધિત કરતી વેળાએ રાહુલ ગાંધીએ સરકાર પર પ્રહારો કરતાં કહ્યુ હતું કે સીબીઆઇમાં થઇ રહેલા ફેરફારોને રાફેલ સોદા સાથે સાંકળતી કેટલીક કડીઓને કારણે ડાયરેકટરોની રાતોરાત હકાલપટ્ટી કરવામાં આવી છે.ચોકીદારે સીબીઆઇના ડાયરેકટરને પદ પરથી દુર કર્યા હતા.તેમણે રાફેલ પર સવાલ ઉઠાવ્યા હતા.સીબીઆઇના વડા રાફેલ કૌભાંડના દસ્તાવેજો એકત્રીત કરી રહ્યા હતા. તેમને જબરજસ્તીથી રજા પર ઉતારી દેવાયા હતા.વડાપ્રધાનો સ્પષ્ટ સંદેશો છે કે જે કોઇ રાફેલની આસપાસ જશે તો તેને દુર કરી દેવાશે,તેને મીટાવી દેવાશે.દેશ અને તેનું બંધારણ ખતરામાં છે.

રાહુલ ગાંધીએ કહ્યુ હતું કે તેઓ કહી રહ્યા હતા કે 'મારે તો દેશના ચોકીદાર બનવું છે.પણ ચોકીદાર ચોર બની ગયો'મોદીની જનમેદનીની સંબોધનની નકલ કરતાં તેઓ વારંવાર ચોકીદાર શબ્દનો ઉપયોગ કરી રહ્યા હતા.અને મેદની પાસે ચોર બોલાવતા હતા. તેમણે મેદનીને એ વાતની યાદ અપાવી કે નીરવ મોદી,લલિત મોદી અને નરેન્દ્ર મોદી એમ ત્રણેય નામમાં



મોદી શબ્દ લાગે છે.રાહુલ ગાંધી રાજસ્થાનમાં ચુંટણી પ્રચાર કરી રહ્યા છે.

# સીબીઆઇ બની બીબીઆઇ ,ભાજપ બ્યુરો ઓફ ઇન્વેસ્ટીગેશન : મમતા બેનરજી



સીબીઆઇના ડિરેક્ટર આલોક વર્મા પર લેવાયેલા પગલાંની ટીકા કરતાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ જણાવ્યુ હતું કે સીબીઆઇ હવે બીબીઆઇ એટલે કે ભાજપ બ્યુરો ઓફ ઇન્ટેલીજન્સ બની ગઇ છે.આ અત્યંત દુર્ભાગ્યપુર્ણ બાબત છે.

જનતાદળ યુના નેતા કે.સી.ત્યાગીએ જણાવ્યુ હતું કે કોંગ્રેસના રાજ્યમાં આ બધું જોતા હતા પરંતુ હવે મોદી શાસનમાં આ સ્થિતિ જોઇને ઘણુ દુઃ ખ થાય છે.સીબીઆઇમાં અધિકારીઓની નિયુક્તિ રાજ્યના ક્વોટાના આધારે થવી જોઇએ નહી. સીબીઆઇને અધિકારીઓ પસંદ કરવાનો અધિકાર હોવો જોઇએ.

## એક અનોખી સાંજ

મથુર વસાવા - ઉના (ગીર-સોમનાથ)

સૌરાષ્ટ્રના દક્ષિણે ઊના તાલુકો આવેલો છે.ઊનાનું પ્રવાસી પડોશી પ્રદેશ એટલે સંઘ પ્રદેશ દીવ. આ દીવને સહેલાણીઓ સ્વર્ગ માને છે. દીવમાં અનેક ગામડાઓ આવેલા છે.તેમાં દીવથી છ કીલોમીટરના અંતરે ભુચરવાડા ગામ પણ આવેલું છે.આ ગામ જતાં રસ્તાની આજુબાજુ પુષ્કળ નાળયેરી અને અન્ય વૃક્ષો જોવા મળે છે. રસ્તે પસાર થઈએ ત્યારે એવી પ્રતીતી થાય જાણે કે કુંજગલીઓમાંથી પસાર થઈ રહ્યા હોય. મઝાની વાત એ પણ છેકે આ રસ્તે જેટલા ગામડાં ક્રમશઃ આવે છે તે ગામડાના નામની પાછળ 'વાડી' પ્રત્યય આવે છે જેમકે ઝોલાવાડી, પટેલવાડી, ડાંગરવાડી વગેરે.

ભુચરવાડા જતા જમણા હાથ તરફ જવાહર નવોદય વિદ્યાલય આવેલું છે. વિદ્યાલયમાં આજુબાજુ ના ગામડા અને દુરસુદુરથી અભ્યાસ માટે વિદ્યાર્થીઓ આવતા હોય છે. આ વિદ્યાલયમાં સુરતનો એક નવોદિત વિદ્યાર્થીએ પણ પ્રવેશ લીધો હતો . નામ એનું દિવ્યાંગ.ત્યાં નિયમ એ છે કે મહિનાના પહેલા અને ચોથા રવિવારે વાલીઓએ બાળકોની મુલાકાત કરી શકાય. રવિવારના દિવસે નજીક ગામના વાલીઓ પોતાના બાળકોને મળીને જાય ત્યારે સુરતના દિવ્યાંગના માતા-પિતાની કાગડોળે રાહ જુએ. તેના મનમાં વારંવાર એકનુ એક વાક્ય ઘુંટાયા કરતું, મારા માંબાપ મને પણ મળવા આવે તો કેવું સારું ? દિવ્યાંગના માં-બાપ દુર અંતરિયાળ ગામડામાં વસતા, તેના માં-બાપને પાંચસો કી.મી.નું અંતર કાપીને આવવું અને દર મહિને હજાર બે હજાર બસનું ભાડું ચુંકવવું એ સૌથી મોટું વિઘ્ન હતું. માં-બાપની મહિનાની આવક બમણી નહોતી કે તેઓ દર મહિને મુલાકાતે આવે.આથી તેના પિતા વિચારતા જોઇ આપણા વિસ્તારનું કોઇ દંપતી ત્યાં નોકરી ધંધો કરતું હોયતો મારા માટે ચાર ચાંદ લાગી જાય. જો આવું કુટુંબ મળી જાય તો દીકરા માટે લોહવાટનો કોઇ પ્રશ્ન ન રહે.યોગાનુયોગ એક વાર મારા પર કોઇ અજાણ્યા વ્યક્તિનો ફોન આવ્યો. મે ઉપાડ્યો. સામેના છેડે પ્રથમ વાક્ય હતું હું દિવ્યાંગના પિતા બોલું છું.તેમના પરિચયમાં નામ-ઠામ જણાવ્યું. પરિચય બાદ તેમની વ્યથા મારી સમક્ષ ઠાલવી દીધી.આપણી સમક્ષ કોઇ વ્યક્તિ પોતાની વેદના ઠાલવે તેમજ આખાબોલાનો હોય તો આપણને સૌને અવશ્ય અનુકંપા જાગે. દિવ્યાંગના પિતાએ એટલી લાંબી વાત કરી કે અમે બે ટેલિફોન મિત્રો બની ગયા.વાતર્તતુના અંતે જણાવ્યુ : 'મારા દિકરાને મળવા જશો તો સારુ, આટલી મદદ મને કરજો ',મે તેમની વાતને ટેકો આપ્યો.

વાત થિ અને બરાબર એક સપ્તાહ પછી અમે રવિવારની સલુણી સાંજે અમે તેમના દીકરાને મળવા ગયા. દિવ્યાંગની મુખાકૃતિ નિહાળવા જેવી હતી. તેના ચહેરા પર આનંદ દીપી રહ્યો હતો. અણે ભણતર અને ચણતરમાં દરકાર રાખજે તેમ બે શબ્દો જણાવી અમે દીવ ભણી વાટ પકડી. હજુ અમે વિદ્યાલયનો ઝાંપો વટાવ્યો હશે ત્યાં તો અમારા શિરે ઉપાધિ આવી પડી. મોટર સાયકલના પાછલા પૈડામં પંકચર. અમે પાછલા પૈડાનું બરાબર અવલોકન કર્યું. પૈડામાં દોઢ-બે ઈંચનો ખીલો ટાયરમાં ઘુસી ગયો હતો. ભુચરવાડામાં અમે નિશાળીયા હતા. તેથી અમે રસ્તે ચાલતાં એક બાઇને પુછ્યું બહેન નજીકમાં કોઇ પંકચરની દુકાન મળશે?ત્યારે પેલી બાઇએ અમને પ્રેમળતાપુર્વક જવાબ આપ્યો, 'આગળ વહ્યા જાવ, ઝાંપા પાસે મલી જાહે' બાઇના શબ્દોથી થોડી ટાઢક વળી.પંકચરની દુકાન આવતાં તો અમે પરસેવાથી રેવઝેબ થઇ ગયા. મે હાંફતા હાંફતા દુકાનવાળા ભાઇને પુછ્યું. 'ભાઇ પંકચર થશે ?' પેલા ભાઇનો ઉત્તર ના ને બદલે હાંમાં હતો.એટલે અમે બાજુની તુટેલી ખુરશીઓ પર બેઠક જાળવી અને થોડો પોરો ખાઇ લીધો. અમારા મોટરસાઈકલનાં પંકચરને હવે અંતિમ ચરણ હતું. અમે આપસમાં વાત કરતા હતા આપણી સવારી તૈયાર થઇ ગઇ છે.મોટર સાઇકલ જોઇને અમને હળવાશનો અનુભવ થઇ રહ્યો હતો.અમારી વાત હજું પુરી નહોતી થઇ ત્યાં જ એક ભાઇ મોટરસાઇકલ લઇને દુકાન પાસે આવ્યો અને દુકાનવાળા ભાઇને કહ્યું ભાઇ મોટર સાઇકલના બંન્ને પૈડામાં પંકચર છે. પંકચર થશે કે નહીં ? દુકાનવાળા ભાઇ જવાબ આપ્યો. આજે રવિવાર છે,સાંજ પડી ગઇ છે અને અંધારુ થઇ ગયું છે. દુકાનવાળાભાઇએ ઘસીને ના પાડી દીધી. પેલા ભાઇ બીજીવાર આજીજી કરી ભાઇ બનાવી આપશો તો સારુ, મારે દુર ગામડે પહોચવાનું છે. હાથ જોડતા કરગરવા લાગ્યો પણ દુકાનવાળા ભાઇ પોતાની વાત પર મક્કમ રહ્યા. મોટરસાઇકલ વાળા ભાઇથી સહેવાયું નહીં, તેના મુખથી શબ્દો સરી પડ્યા. ભાઇ આ સમયે મને ગામડુ યાદ આવે છે. ગામડામાં અરધી રાતે કોઇ માણહ ભાઇને જગાડો તો તુરન્ત ઉઠી ગાંડીને પંકચર બનાવી આપે. આટલું વાક્ય અદબભેર ૃપરુ કરી મોટરસાઇકલવાળા ભાઇએ વિદાય લીધી.

અમારી મોટર સાઇકલ સજ્જ થઇ એટલે અમે ધીમી ગતિએ દીવ પહોચ્યા ત્યાં બજાર સામે મોટર સાઇકલ પાર્ક કરી અમે થોડી ખરીદી કરીને ઊના તરફ જવા તૈયાર થતા જ મને પાછલા પૈડામાં શંકા જણાતા શંકા સાચી પડી.મોટરસાઇકલના પાછલા પૈડામાં બિલકુલહવા નહોતી.રવિવારનો દિવસ અને સંધ્યાનો સમય એટલે પંકચરની મોટા ભાગે દુકાનો બંધ હોય. હવે અમારા માટે દુકાળમાં અધિક માસ જેવી સ્થિતિ ઊભી થઇ.તેમ છતાં પંકચર બનાવ્યે જ છુટકો નહોતો. હિંમત હાર્યા વિના અમારાથી બનતા પ્રયત્નો ચાલુ રાખ્યા જેમ કે કહેવાયું છે કે લાખો નિરાશામાં એક અમર આશા છુપાયેલી છે.અમે સમગ્ર દીવમા પંકચરની દુકાનની તપાસ કરી અંતે દીવ ઝાંપા પાસે એક સજ્જનો ભેટો થઇ ગયો તે સજ્જન એટલે પંકચરવાળા ભાઇ. સાંજના લગભગ હવે સાડા નવ વાગી ચુક્યા હતા. અંધારાનો દબદબો વધી રહ્યો હતો. ઘર પરત જવાનો થનગનાટ બમણો હતો.દુકાનવાળાભાઇએ ટ્યુબ તપાસતા બોલ્યા ભાઇ ટ્યુબ બદલાવવી પડશે. મે કહ્યું હાલમાં જ મે ટ્યુબ બદલાવી , દુકાનવાળા એ કહ્યુ કે પણ ભાઇ આ ટ્યુબ બરાબર બેસાડી નથી. અંદરથી ટ્યુબ વળેલી હાલતમાં છે. નકામી થઇ ગઇ છે. લેખે લાગે તેમ નથી. મે દુકાનવાળાની વાતમાં સહમત થયો મારી બાજુમાં ઉભેલા એક વ્યક્તિ અમારા બે વચ્ચેના સંવાદ સાંભળીને બોલ્યા ભાઇ તમારુ નસીબ ફુટેલું લાગે છે. તમને કોઇ ગ્રહ નડી ગયો છે પંકચર બન્યા પછી અને પેટમાં ટાઢક વળી.



મોટરસાઇકલ તૈયાર થયા પછી અમે રાહતનો શ્વાસ લીધો. મોટરસાઇકલવાળા બાઇને પૈસા ચુકવી, હ્દયથી પાડ માની અમે ઉના તરફ પ્રયાણ કર્યુ.

આપણે ધરતીનો છેડો એટલે ઘર કહીએ છીએ ત્યાં તો પહોચી ગયા પણ પેલા ભુચરવાડામાં પંકચની દુકાને આવેલા ભાઇના શબ્દોની સ્મૃતિ વારંવાર થતી હતી.ગામડે જતાં પેલા ભાઇના શબ્દોનો અર્થ ગહન હતો.ભીની લાગણી હતી.જ્યારે જ્યારે અતીતમાં બનેલી ઘટનાનું સ્મરણ કરુ છું ત્યારે ત્યારે ગામડે જતાં પેલા ભાઇના મર્મ સ્પર્શી શબ્દો યાદ આવે છે. મને ગામડું યાદ આવે છે.

# શ્રીલંકામાં પ્રમુખે નિયુક્ત કરેલા વડાપ્રધાનને સંસદે અમાન્ય ઠેરવ્યા

શ્રીલંકામાં રાજકીય સંકટ ઘેરાયું છે.સંસદના સ્પીકર જયાસુર્યાએ પદભ્રષ્ટ કરાયેલા વડાપ્રધાન રાનિલ વિક્રમસિંઘેને ફરી એક વાર વડાપ્રધાન તરીકે માન્યતા આપતાં મામલો પેચીદો બન્યો છે.વિક્રમસિંઘે અને નવનિયુક્ત વડાપ્રધાન મહિન્દ્રા રાજપક્ષના સમર્થકો હાથોહાથની લડાઇમાં ઉતર્યા છે.અને તેમની વચ્ચે હિંસક અથડામણો ચાલુ થઇ છે. આ દરમિયાન પેટ્રોલિયમ મંત્રી અર્જુન રણતુંગાના બોડીગાર્ડે ગોળીબાર કરતાં એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું.અને બે લોકોને ઇજા પહોંચી હતી.બીજી બાજુ સ્પીકર કારુ જયાસુર્યાએ રાનિલ વિક્રમસિંઘેને વડાપ્રધાન માનવાની વાત સ્વીકારી છે અને તેમણે રાજપક્ષેને વડાપ્રધાન તરીકે સ્વીકારવાનું નકાર્યું છે.તો રાનિલે પણ તેમની પાસે બહુમતી હોવાનો દાવો કર્યો છે.પોતાની બહુમતી નથી એવી જાણકારી બાદ તેમણે વહેલી ચુંટણી યોજવાની હાકલ કરી છે.

વિક્રમસિંઘેને તેમના સમર્થકોનું ભારે સમર્થન મળી રહ્યું છે.તેમના ઘરની સામે હજારો લોકો નારેબાજી કરી રહ્યા છે.એ અગાઉ શ્રીલંકાના પ્રમુખ મૈત્રિપાલા સિરિસેનાએ પદભ્રષ્ટ વડાપ્રધાન વિક્રમસિંઘેની સલામતી પાછી ખેચી લીધી છે.

શ્રીલંકામાં થયેલ રાજકીય ઉથલપાથલમાં ચીનના પ્રમુખ શી જીનપીંગે નવા નીમાયેલા વડાપ્રધાન મહેન્દ્ર રાજપક્ષને અભિનંદન આપવાની પહેલ કરી હતી.રાજપક્ષ ચીન તરફી ઝુકાવ ધરાવે છે અને ભારત વિરોધી નીતિ માટે જાણીતા છે.બીજી તરફ અમેરિકા,યુકે સહિત વિશ્વના અનેક દેશોએ શ્રીલંકાની રાજકીય સ્થિતિ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે.અમેરિકાએ કહયું છે કે શ્રીલંકા બંધારણ તથા લોકશાહી મુલ્યોને વળગી રહે તે જરુરી છે. ભારતે સત્તાવાર પ્રત્યાઘાત આપ્યા નથી. પરંતુ વિદેશ મંત્રાલયના દાવા મુજબ શ્રીલંકામાં આકાર લેતી પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે.

ભારતની વિદેશ નીતિમાં પાડોશીઓ સાથે આપણા સબંધો મજબુત રહ્યા નથી. બંગલાદેશ,નેપાળ,માલદીવ,શ્રીલંકા વિગેરે દેશો સાથે આપણા સબંધોમાં તણાવ વ્યાપેલો છે.ત્યાંની સરકારો ભારત વિરોધી નીતિ ધરાવતા થયા છે.પરિણામે વિદેશ નીતિ બાબતે ગંભીર રીતે વિચારણા કરવાનો સમય આવી ગયો છે.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.
**અમી સર્જીકલ**
૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧
જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
**કેર કોમ્પ્યુટર સેન્ટર**
ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.
હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

**જાહેરાત માટે સંપર્ક કરો**
આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

# સ્વતંત્રતા જેવું બીજું કોઇ જ સુખ નથી

સ્વતંત્રતા જેવું બીજું કોઈ જ સુખ નથી.જગતના જીવ માત્રને કોઈપણ પ્રકારના બંધન ગમતા નથી. બંધન એ મૃત્યુ છે.સ્વતંત્રતા જ સુખની જનની છે. પધ્મપુરાણ(૪-૮૮-૫૦)માં કહ્યુ છે : ‘ સ્વતંત્રતા જેવું બીજુ કોઈ જ સુખ નથી.એનું કારણ છે કે સ્વતંત્ર માણસને કોઈનો ડર હોતો નથી.એને જે કાંઈ કરવુંહોય તે પોતાની રીતે કરતો હોય છે. સ્વતંત્ર માણસોને ખાસ કરીને કોઈપણ પ્રકારના હાયવલુરા હોતા નથી. ગદ્યકર્ણામૃતમમાં કહ્યુ છે : જે સ્વતંત્ર હોય છે એ સ્વભાવથી જ નિર્ભય અને ફળ નિરપેક્ષવાળા હોય છે. જેને ફળની કોઈ જ અપેક્ષા હોતી નથી. પણ જે પરાધીન હોય છે એને અનેક દુઃ ખ હોય છે. પાલીના ઉદાન (૨-૯)માં કહ્યુ છે : જે પરાધીન છે તે બધા દુઃખ છે. અને જે સ્વાધીન છે એ બધા સુખ છે.એનો અર્થ એ થાય છે કે સ્વતાંત્રતા એ સુખનો પર્યાય છે.અષ્ટવક્રગીતા(૧૮-૫૦)માં કહ્યુ છેકે : માણસ સ્વતંત્રતાથી શાંતિ પ્રાપ્ત કરે છે. સ્વતંત્રતાથી પરમ પદને પ્રાપ્ત કરે છે.માણસ શારીરીક અને માનસિક રીતે પરાધીન હોય તો પોતે જાતે સ્વતંત્ર કોઈ જ નિર્ણય કરી શકતો નથી. દરેકે પોતે પોતાના માલિક બનવું જોઈએ. સ્વતંત્રતા એટલે માત્ર બીજાની ગુલામીની જ વાત નથી. રુઝવેલ્ટે કહ્યુ છે : દરેક વ્યક્તિને ચાર સ્વતંત્રતા મળવી જોઈએ.વિચારોની સ્વતાંત્રતા, ધાર્મિક સ્વતંત્રતા,અભાવોતી સ્વતંત્રતા અને ભયથી સ્વતંત્રતા. આ ચારેય પ્રકારની સ્વતંત્રતા માણસને નિર્ભય બનાવે છે.જીવન જીવવાની પ્રેરણા આપે છે.ઈશ્વરે આપણે બે હાથ આપ્યા છે.એના વડે આપ કમાઈ કરવાની છે. હાથનો ઉપયોગ કરીને સ્વાધીન રહી શકાય છે.પરાધીનતા પાપ સમાન છે. સ્વતાંત્રતાની સાધના કરવી એ તો લોઢાના ચણા ચાવવા બરાબર છે.પોતાના આત્મબળના આધારે આગળ વધી શકાય છે પોતે સ્વ પ્રકાશિત બનવું જોઈએ. જે પર પ્રકાશિત હોય છે એમની બીજા પર આધાર રાખવાના કારણે પરાધીન બની જાય છે.નથમલ મુનિએ શ્રમણ મહાવીરમાં કહ્યું છે કે સ્વતંત્રતાની સાધના કરનાર પોતાના આત્મબળના આધારે આગળ વધે છે. તે બીજાઓના સહારે આગળ વધવાની વાતનો વિચાર પણ કરી શકતા નથી.

સ્વતંત્ર(વિ)(સં) સ્વાધીન, કોઈના તાબામાં નહીં તેવું. એવા અર્થ થાય છે. કોઈ કાર્ય કરવાને અથવા ન કરવાને અથવા કરેલાને બીજી રીતે કરવાને અથવા ન કરવાને અથવા કરેલાને બીજી રીતે કરવાને જે સમર્થ હોય તે સ્વતંત્ર છે. જે આપમુખત્યાર, સ્વવશ,સ્વમતાનુગામી, પોતાના મત પ્રમાણે ચાલનારા, ક્યારેક સ્વચ્છંદી અમર્યાદ, અવશ મુક્ત આઝાદ વગેરે અર્થ કરી શકાય છે. જેની પોતાની સ્વતંત્ર સ્થિતિ છે.કોઈનો દબાયેલો નથી. જેને પોતાના માટેનો નિર્ણય પોતે જ લેવાનો છે. જેને બીજાના આધારે ચાલવાનું નથીતે. સ્વામી વિવેકાનંદે કહ્યું છે. : સ્વતંત્રતા વિકાસનું પ્રથમ સોપાન છે. માણસ સ્વતંત્ર રીતે જે કાંઈ કરી શકે છે તે કોઈના દબાણ નીચે કરી શકતો નથી.મહાત્મા ગાંધીજીએ પણ કહ્યુ છે કે સ્વાધીનતા અને દાસતા એ મનની માન્યતા છે. જેનુ મન સ્વાધીન છે તે વિષ્ઠા- નરકનો ટોપલો ઉપાડતો હોવા છતાં પણ રાજા છે.આપણે આપણી જાતના જ બાદશાહ બનવાનું છે. આપણું મન જ આપણુ કહ્યુ કરતું ના હોય તો તમે સ્વતંત્ર શાના ? આપણે જ આપણા મન અને વિચારના માલિક બનવાનું છે. મારે જે કાર્ય કરવું છે એનો નિર્ણય બીજા લોકો લેતા હોય તો એનો શો અર્થ ? મારો વિચાર કે કાર્ય મારુ જ છે એવી સ્વતાંત્ર ભાવના સાથે કરવામાં આવે તો જરુરથી એના ફળ મળે જ. પણ બીજાના વિચારોના આધારે જ આપણે કરવાનું હોય તો એનુ પરિણામ સારુ આવતું નથી જ. સ્વામી વિવેકાનંદે કહ્યુ છે : વિચાર અને કાર્યની સ્વતંત્રતા એ ઉન્નતિ માટેના આવશ્યક અંગ છે. જ્યો આ સ્વતંત્રતા નથી ત્યાં મનુષ્ય સમાજ અને રાષ્ટ્રની અવનીતિ અવશ્ય છે.જ્યારે તે શક્તિ બીજાને હાનિ કરતી નથી છતાં પણ જે વ્યક્તિના સ્વતંત્ર વિચાર અને કાર્યશક્તિ સામે અવરોધ કરે થે તે પણ આસુરી જ છે અને તેનો નાશ થયો જોઈએ.સ્વતંત્રતા એટલે બીજાના કાર્યો કે વિચારોનો પડછાયો પણ પડવો જોઈએ નહી. આપણે જ આપણા મનના માલિક બનવાનું છે. આપણે આપણી જાત પર કાબુ ના હોય તો વિકાસ કરી શકાય નહી.ભગવાન બુધ્ધે કહ્યુ છે.: તુ તારી જાતને જાણ. આપણે આપણી શક્તિઓનો પરિચય કરવાનો છે.પછી સ્વતાંત્ર રીતે નિર્ણય કરવાનો છે.પાયથાગોરશે કહ્યુ છે : જે માણસ પોતાની જાત પર હકુમત ન ચલાવી શકે તે સાચા અર્થમાં સ્વતંત્ર નથી.

સ્વતંત્ર કોણ હોઈ શકે ? સ્વામી વિવેકાનંદે કહ્યુ છે . કોઈની પાસે કાંઇ પણ માંગવું નહી એવો સંકલ્પ જેણે કર્યો છે તે જ મનુષ્ય ખરેખર સ્વતંત્ર છે.જે માણસ બીજા પાસેથી કંઈક મેળવવાની અપેક્ષા રાખે છે. એ સ્વતંત્ર બની શકતો નથી.માણસને લાલચ પરતંત્ર બનાવે છે. બીજા પાસેથી માંગવું ટલે પોતના સ્વત્વને ખોવું. યાચના ગુલામીની નિશાની છે. જેનું પોતાનુ ખમીર છે. એને બીજા કોઈની સાડાબારી હોતી નથી.જેનામાં સ્વતંત્ર રીતે કશું કરવાની ક્ષમતા નથી. એ બીજાનો આધાર રાખે છે. જેથી એને પસ્તાવું પડે છે.જ્યાં માણસને કશીક વાસના હોય છે. ત્યાં સ્વતંત્રતા ક્યાંથી ?

ટી.એલ.વાસવાનીએ કહ્યુ છે : વાસનાની ભુમિમાં કદી પણ સ્વતંત્રતા અંકુરીત નથી નથી.સ્વતાંત્રતાના જ્ઞાનના વાતાવરણમા ફુલેફાલે છે. કશીક અપેક્ષા એ જ પરાધીનતાની નિશાની છે.સ્વતંત્રતા માટે તો પ્રથમ પોતાની જાતને જીતવાની છે.જે પોતાની ઈન્દ્રીયોને જીતે છે તે જગત જીતે છે.ઈપિક્ટેટસે કહ્યુ છે : જે વ્યક્તિ ઈન્દ્રયજીત નથી તે ક્યારેય સ્વતંત્ર નથી.માણસ વ્યક્તિગત સ્વતંત્ર હોવો જોઈએ.

ડો. કિશોરસિંહ સોલંકીઃ સાભાર સંદેશ. શબ્દસર

વર્લ્ડ ચેમ્પીયન ચેસ પ્લેયર ગેરી કાસ્પારોવ સૌથી નાની ઉંમરે વર્લ્ડ ચેમ્પીયન બનવાની સિધ્ધિને વરેલા છે.

## સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટીગેશનના બે ઉચ્ચ અધિકારીઓની લડાઇમાં સરકારની આબરુના ધજાગરા થઇ ગયા અને સીબીઆઇની વિશ્વસનીયતા ઘટી ગઇ



સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ દ્વારા સીબીઆઈ માટે કરાયેલ ટીપ્પણી ‘પાંજરાનો પોપટ’ ખરેખર સરકારની આબરુના ધજાગરા ઉડાવતો અને પોતાની વિશ્વસનીયતા ઘટાડતો સાબિત થઈ ગયો.સીબીઆઈના વન અને ટુ ડીરેક્ટર આલોક વર્મા અને રાકેશ અસ્થાના વચ્ચેની લડાઈ અદાલતમાં પહોચી ગઈ.સીબીઆઈના ઉચ્ચ અધિકારીઓ ઉંચી લેવડ દેવડ કરીને કેસોની પતાવટ કરે છે તેવું તથ્ય બહાર દેખાઈ રહ્યું છે.કોઈપણ સરકારો આવે અને જાય પરંતુ તેઓ સીબીઆઈમાં પોતાના માનીતા અધિકારીઓની ગોઠવણ કરે અને હિસાબો સેટલ કરે એ એક વાસ્તવિક હકીકત બની ગઈ છે. લોકોને અત્યારસુધી કોઈપણ કેસમાં ન્યાય મેળવવા માટે સીબીઆઈની તપાસ પર વિશ્વાસ હતો તે ખતમ થઈગયો.

બે અધિકારીઓની લડાણિાં મોદી સરકારની આબરુ ધુણધાણી થઈ ગઈ છે. જો કે વડાપ્રધાને કેસની ગંભીરતાને ધ્યાને લઈને રસ લીધો અને વધુ આબરુ રગદોળાતી અટકાવી છે.હવે દુધનુ દુધ અને પાણી જુદા પાડવાનું કામ થશે.ભ્રષ્ટાચાર થયો છે તે પાકે પાયે છે અને તે મોટાપાયે થયો છે.પરંતુ દેશમાં લોકપાલ હોત અને અધિકારીઓની નિમણુંક મેરિટ પર થઈ હોત તો આ બનત નહીં. પરંતુ ચુંટણીઓ માટે વિપક્ષોને ભારે મસાલો ઉપલબ્ધ બન્યો છે તેમાં શંકા નથી.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઑડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**



**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃ જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



**વિનંતી**

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.